सत्यमेव जयते

## FORM-A

**IN THE COURT OF THE 3rd ADDITIONAL SESSIONS JUDGE**
**VALSAD AT- DHARAMPUR,**
**DISTRICT - VALSAD.**

Present : 3rd Additional Sessions Judge, Valsad, At - Dharampur.

(Date of Judgment :- 23/07/2026)

**( Session Case No. 36/2025)**

[Dharampur Police Station F.I.R. No.11200018210720/2021, Section- 11(D),(E) Prevention Of Cruelty To Animals Act, 1960 **&** 6(A), 8(1)(4), 10 - The Gujarat Animal Preservation (Amendment) Act, 2011 **&** 6(A),- The Gujarat Animal Preservation (Amendment) Act, 2017 **&** 123, 192 – Gujarat Motor Vehicles Act, 1989 Rules **&** 119-Gujarat Police Act.]

| | |
|---|---|
| COMPLAINANT | STATE OF GUJARAT |
| REPRESENTED BY | Ld. P.P. Shri B. R. Prajapati. |
| ACCUSED | **1. Bhuminbhai Dineshbhai Patel,**<br>Age- 30, Occupation – Driving,<br>Resi.- Sonvada, Patel Faliya, Ta.- Dist.-Valsad.<br><br>**2. Jayeshbhai Rameshbhai Patel,**<br>Age- 33, Occupation – Labourer,<br>Resi.- Dungri, Reliya Faliya, Ta.- Dist.-Valsad.<br><br>**3. Jivebhai Motirambhai Vaghmare,**<br>Age- 29, Occupation – Labourer,<br>Resi.- Mandagam, Ta.-Surgana, Dist.-Nashik, Maharashtra.<br><br>**4. Kanubhai Ramdashbhai Chaudhari,**<br>Age- 30, Occupation – Labourer,<br>Resi.- Mandagam, Ta.-Surgana, Dist.-Nashik, Maharashtra. |
| REPRESENTED BY | Accused - Ld. Advocate Mr. J. A. Solanki. |

## FORM-B

| | |
|---|---|
| Date of Offence | 27/06/2021 |
| Date of FIR | 27/06/2021 |
| Date of Chargesheet | 27/01/2023 |
| Date of Framing of Charges | 15/01/2026 |

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ–જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.

| | |
|---|---|
| Date of Commencement of evidence | 11/11/2025 |
| Date on which judgment is reserved | -- |
| Date of the Judgment | 23/07/2026 |
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of Section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Bhuminbhai Dineshbhai Patel | 27/06/2021 | 29/06/2021 | Section- 11(D),(E) Prevention Of Cruelty To Animals Act, 1960 & 6(A), 8(1)(4), 10 - The Gujarat Animal Preservation (Amendment) Act, 2011 & 6(A),- The Gujarat Animal Preservation (Amendment) Act, 2017 & 123, 192 – Gujarat Motor Vehicles Act, 1989 Rules & 119- Gujarat Police Act. | -- | -- | -- |
| 2 | Jayeshbhai Rameshbhai Patel | 27/06/2021 | 29/06/2021 | | -- | -- | -- |
| 3 | Jivebhai Motirambhai Vaghmare | 27/06/2021 | 29/06/2021 | | -- | -- | -- |
| 4 | Kanubhai Ramdashbhai Chaudhari | 27/06/2021 | 29/06/2021 | | -- | -- | -- |

## FORM-C

## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

### A. Prosecution:

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| P.W.-1 (Ex.-12) | આનંદભાઈ અર્જુનભાઈ ગામીત | ફરીયાદી |
| P.W.-2 (Ex.-13) | અજયભાઈ રાજેશભાઈ ગરાસીયા | પંચ સાહેદ |
| P.W.-3 | આશિષભાઈ અર્જુનભાઈ ગામીત | સાહેદ |

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ–જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.

| | | |
|---|---|---|
| (Ex.-15) | | |
| P.W.-4 (Ex.-16) | ચિન્તુભાઇ સુરજીભાઇ થોરાટ | દા.ક. અમલદાર |
| P.W.-5 (Ex.-19) | આત્મારામ કરમસિંહ દેસાઇ | ત.ક. અમલદાર |

## B. Defence Witness, if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

## C. Court Witness, if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

## LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

## A. Prosecution:

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 (P.D.-1) | ૧૪ | મુદ્દામાલ પંચનામુ |
| 2 (P.D.-2) | ૧૭ | તપાસ સંભાળી લેવા બાબતે કરેલ પત્ર |
| 3 (P.D.-3) | ૧૮ | સ્ટેશન ડાયરી |

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ–જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.

## B. Defence :

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| - | - | - |

## C. Court Exhibits :

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| - | - | - |

## D. Material Objects :

| Sr. No. | Material Object Number | Description |
|---|---|---|
| - | - | - |

Dt.23 /07/2026
Place:- Dharampur.

**(Mohmedhanifbeg Akbarbeg Mirza)**
GJ-00713
3rd Additional Session Judge,
Valsad, At. Dharampur,
District- Valsad.

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ–જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.

**આંક :-**

| | | | | |
|---|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | :- | ૨૭/૦૧/૨૦૨૩ | | |
| કેસ નોંધ્યા તારીખ | :- | ૨૭/૦૧/૨૦૨૩ | | |
| કેસ ફેસલ તારીખ | :- | ૨૩/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | :- | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૫ | ૨૭ |

---

## વલસાડ જીલ્લાની ત્રીજી એડીશનલ સેશન્સ કોર્ટ,
## મુ.ધરમપુર, જી.વલસાડ.

---

**સેસન્સ કેસ નં.૩૬/૨૦૨૫**

| | |
|---|---|
| **શ્રી નામદાર સરકાર** | **... ફરીયાદી** |
| **વિરુધ્ધ** | |
| **૧. ભુમિનભાઇ દિનેશભાઇ પટેલ,**<br>ઉ.આ.વ.૩૦, ધંધો : ડ્રાઇવીંગ,<br>રહેવાસી : સોનવાડા, પટેલ ફળીયા, તા.,જિ.વલસાડ.<br>**૨. જયેશભાઇ રમેશભાઇ પટેલ,**<br>ઉ.આ.વ.૩૩, ધંધો : મજુરી,<br>રહેવાસી : ડુંગરી, રેલીયા ફળીયા, તા.,જિ.વલસાડ.<br>**૩. જીવેભાઇ મોતીરામભાઇ વાઘમારે,**<br>ઉ.આ.વ.૨૯, ધંધો : મજુરી,<br>રહેવાસી : માંદાગામ, તા.સુરગાણા, જિ.નાશીક, મહારાષ્ટ્ર.<br>**૪. કનુભાઇ રામદાસભાઇ ચૌધરી,**<br>ઉ.આ.વ.૩૦, ધંધો : મજુરી,<br>રહેવાસી : માંદાગામ, તા.સુરગાણા, જિ.નાશીક, મહારાષ્ટ્ર. | |
| | **... તહોમતદાર** |

| | |
|---|---|
| ગુનો :- | **પશુક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ-૧૧ (ઘ),(ચ) તથા પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૧ ની કલમ- ૬(એ), ૮(૧)** |

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ-જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.

| | |
|---|---|
| | **(૪),૧૦ તથા પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૬ (એ) તથા ગુજરાત મોટર વ્હીકીલ એક્ટ,૧૯૮૯ રૂલ્સ–૧૨૩, ૧૯૨ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૧૯.** |

| | |
|---|---|
| સરકારપક્ષ તર્ફેના વિ.એ.પી.પી. : | શ્રી બી. આર. પ્રજાપતિ. |
| બચાવપક્ષ તર્ફેના વિ.વકીલ : | શ્રી જે. એ. સોલંકી. |

**–::: જ જ મે ન્ટ :::–**

(૧) આ કામના આરોપીઓ સામે ફરીયાદી–આનંદભાઇ અર્જુનભાઇ ગામીતનાએ ધરમપુર પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર–૧૧૨૦૦૦૧૮૨૧૦૭૨૦/૨૦૨૧ થી પશુક્રુરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ ની કલમ–૧૧ (ઘ),(ચ) તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૨૦૧૧ ની કલમ– ૬(એ), ૮(૧)(૪),૧૦ તથા પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૬ (એ) તથા ગુજરાત મોટર વ્હીકીલ એક્ટ,૧૯૮૯ રૂલ્સ–૧૨૩, ૧૯૨ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૧૯ મુજબના ગુનાની ફરીયાદ હકીકત જાહેર કરેલ છે જે નીચે મુજબ છે.

(૨) ફરીયાદની ટુંકમાં હકીકત ધ્યાને લઇએ તો, તા.૨૭/૦૬/૨૦૨૧ અમો પો.સ.ઇ. તથા અ.પો.કો. આશિષભાઇ અર્જુનભાઇ તથા ડ્રા.હે.કો. અમ્રતભાઇ છગનભાઇનાઓ સાથે સરકારી વાહનમાં પેટ્રોલિંગ હતા. તે દરમ્યાન પો.સ.ઇ.ને તેઓના ખાનગી બાતમીદારથી બાતમી મળેલ કે એક છોટા હાથી ટેમ્પોમાં વાછરડા તથા વાછરડી ભરી નિકળેલ છે અને તે વાંસદા તાલુકાના ખાનપુર થઇ મોળા આંબા થઇ બોપી વડપાડા થઇ જાગીરી થઇ મહારાષ્ટ્ર તરફ જનાર છે. વિગેરે બાતમી મળતા રસ્તેથી બે પંચોના માણસો બોલાવી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી સરકારી વાહનમાં બેસી મોજે.બોપી ગામ, વડપાડા ફળિયા, ત્રણ રસ્તા પાસે,

વાંસદા તાલુકાના મોળાઆંબા ગામ તરફથી બોપી ગામમાં આવતા રોડ ઉપર નાકાબંધી ગોઠવી ઉભા હતા. દરમ્યાન મોળા આંબા તરફથી એક છોટા હાથી ટેમ્પો આવતા તેને રોકી તેમાં જોતા કેટલાક પશુઓ ભરેલ હોય તથા ડ્રાઈવર સાથે અન્ય ત્રણ ઈસમો બેસેલ હોય, જેથી પ્રથમ પંચો રૂબરૂ ટેમ્પોના ચાલકને ટેમ્પામાંથી ઉતારી તેનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ ભુમિનભાઈ દિનેશભાઈ પટેલ, ઉ.વ.૩૦, રહે.સોનવાડા, પટેલ ફળિયા, તા.જી.વલસાડનો હોવાનુ જણાવેલ તેની પાસેથી એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન જેની કિં.રૂ.૫૦૦૦/- જેનો IMEI NO-355690/11/128935/0 તથા IMEI NO-355691/11/128935/8 જેમા જીઓ કંપનીનો સીમ નં.-9313377094 નો છે. જેની કિં. રૂ.૫૦૦૦/- ગણી તથા ડ્રાઈવરની બાજુની શીટમાં બેસેલ ઈસમે પોતાનુ નામ જયેશભાઈ રમેશભાઈ પટેલ, ઉ.વ.૩૩, રહે.ડુંગરી, રેલીયા ફળીયા, તા.જી.વલસાડનો હોવાનું જણાવેલ તેની અંગ ઝડતી તપાસ કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નથી તથા ટેમ્પામાં પાછળ બે બેસેલ ઈસમોનું નામઠામ પુછતા તેમા પ્રથમ ઈસમે પોતાનું નામ જીવેભાઈ મોતીરામભાઈ વાઘમારે, ઉ.વ.૨૯, રહે.માંદાગામ, તા.સુરગાણા જી.નાશીક, મહારાષ્ટ્રનો હોવાનું જણાવેલ તેની અંગઝડતી તપાસ કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નથી તથા બીજા ઈસમે પોતાનું નામ કનુભાઈ રામદાસભાઈ ચૌધરી, ઉ.વ.૩૦, રહે.માંદાગામ, તા.સુરગાણા, જી.નાશીક, મહારાષ્ટ્રનો હોવાનું જણાવેલ તેની અંગઝડતી તપાસ કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નથી. સદર છોટા હાથી ટેમ્પોમાં પંચો રૂબરૂ ચેક કરતા એક કાળા સફેદ કલરનો વાછરડા તથા ત્રણ વાછરડી જેમાં એક લાલ ભુરા કલરની તથા બીજી કાળા કલરની છે તથા ત્રીજી કાળા સફેદ કલરની ખીચોખીચ અને ક્રુરતાપુર્વક એક ઉપર એક એમ ભરેલ હોય જે પશુઓ છોટા હાથીમાં ભરી

એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવા માટે છોટા હાથીના ડ્રાઈવર પાસે કોઈ સક્ષમ અધિકારીશ્રીની પરમીટ માંગતા તેણે પોતાની પાસે નહી હોવાનું જણાવેલ. જેથી એક વાછરડાની કિ.રૂ.૧,૦૦૦/- તથા એક વાછરડીની કિ.રૂ.૨,૦૦૦/- ની ગણી ત્રણ વાછરડીની કિં.રૂ.૬૦૦૦/- મળી કુલ્લે પશુઓની કિ.રૂ.૭,૦૦૦/- તથા છોટા હાથી નં.GJ-15-AT-9337 જેનો એન્જીન નં. 275IDI07CPYS47856 તથા ચેચીસ નં. MAT445553KVC19810 નો હોય જેની કિ.રૂ.૩,૦૦,૦૦૦/- ગણી જે ઉપરોકત છોટા હાથી તથા એક મોબાઇલ તથા એક વાછરડા તથા ત્રણ વાછરડીની મળી કુલ્લે કિ.રૂ.૩,૧૨,૦૦૦/- જેટલાનો મુદ્દામાલ ગણી જે છોટા હાથીના બોડીના ભાગે જોતા કોઈ ઘાસચારો કે પાણીની વ્યવસ્થા નથી અને વાછરડા તથા વાછરડીને વેદના થાય તે રીતે ક્રુરતાથી ખીચોખીચ ભરેલ હોય જે બાબતે પંચો રૂબરુ વિગતવારનું પંચનામું લખી લઇ તપાસ અર્થે કબ્જે કરી વાછરડા તથા વાછરડીને સાચવણી માટે શ્રીમદ રાજચંદ્ર ગૌશાળા, બારોલીયા, તા.ધરમપુર, જી.વલસાડ ખાતે મોકલી આપવામાં આવેલ છે. પકડાયેલ છોટા હાથી ડ્રાઈવરને સાથેના પંચો રૂબરૂ છોટા હાથીમાં ભરેલ એક વાછરડા તથા ત્રણ વાછરડી ક્યાંથી ભરી લાવેલ અને ક્યાં લઇ જઇ કોને આપનાર હતા. જે બાબતે પુછતા તેઓએ પંચો રૂબરૂ જણાવેલ કે, આ વાછરડા તથા વાછરડી પોતાના ઘરેથી ભરેલ અને ટેમ્પોમાં પાછળ બેસેલ ઉપરોકત બે ઇસમો પોતાના ઘરે માંદાગામ, તા.સુરગાણા (મહારાષ્ટ્ર) લઇ જવાના હતા તેમ પંચો રૂબરૂ જણાવેલ. જેથી આ કામે પકડાયેલ આરોપીને COVID-19 અંગેના લક્ષણો અંગેનો ટેસ્ટ મેડીકલ ઓફિસરશ્રીનાઓ દ્વારા કરાવી જે રીપોર્ટ આવે ત્યાં સુધી સદર ઇસમોને પોલીસ નિગરાણી કોરંટાઇન હેઠળ રાખવા સારૂ તજવીજ કરેલ છે.

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ-જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.

જેથી ઉપરોક્ત છોટા હાથી નં.GJ–15–AT–9337 જેનો એન્જીન નં.275IDI07CPYS47856 તથા ચેચીસ નં. MAT445553KVC19810 છે જેની કિ.રૂા.૩,૦૦,૦૦૦/– નીમાં તેના ચાલક ભુમિનભાઇ દિનેશભાઇ પટેલ, ઉ.વ.૩૦, રહે.સોનવાડા, પટેલ ફળિયા, તા.જી.વલસાડનાઓએ તથા બીજા પકડાયેલ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી આરોપી નંબર –૧ નાઓએ પોતાના ઘરેથી એક વાછરડો તથા ત્રણ વાછરડી જેની કુલ કિ.રૂ.૭,૦૦૦/– ભરી આરોપી નંબર–૨,૩,૪ નાઓના ઘરે કોઇ પણ અધિકૃત અધિકારીની પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ઘાસચારો કે પાણીની સગવડ કર્યા વગર ટુંકા દોરડાથી બાંધી ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં લઇ જતા એક વાછરડા તથા ત્રણ વાછરડા તથા એક મોબાઇલ ફોન જેની કિ.રૂ.૫,૦૦૦/– મળી કુલ્લે કિ.રૂ.૩,૧૨,૦૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઇ ગયેલ હોય તેઓના વિરૂધ્ધ પશુકુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ– ૧૧,ઘ,ચ તથા પશુ સરક્ષણ અધિનિયમ–૨૦૧૧ ની કલમ ૬–એ, ૮ (૧) (૪), ૧૦ તથા ગુજરાત પશુ સરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭ ૬–એ, તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૧૧૯ તથા ગુજરાત મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૯ રૂલ્સ ૧૨૩ તથા ૧૯૨ મુજબ કાયદેસર થવા મારી ફરીયાદ જાહેર કરેલી છે.

(૩) સદર ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લઇ ધરમપુર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર:૧૧૨૦૦૦૧૮૨૧૦૭૨૦/૨૦૨૧ થી પશુકુરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ ની કલમ–૧૧ (ઘ),(ચ) તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૨૦૧૧ ની કલમ– ૬(એ), ૮(૧)(૪),૧૦ તથા પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૬ (એ) તથા ગુજરાત મોટર વ્હીકીલ એક્ટ,૧૯૮૯ રૂલ્સ–૧૨૩, ૧૯૨ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૧૯ મુજબનો ગુનો દાખલ કરી તે

ગુનાની તપાસ, તપાસ કરનાર અમલદાર તરફ મોકલવામાં આવેલ. જે ગુનાની તપાસ, તપાસ કરનાર અમલદારે સંભાળી લઈ હાલના આરોપીઓની ધરપકડ તા.૨૭/૦૬/૨૦૨૧ ના રોજ કરી તેઓને મુદત અંદર કસ્ટડીમાં મોકલી આપી લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી અને કબ્જે કરેલ પશુઓને શ્રીમદ રાજચંદ્ર ગૌશાળા, બારોલિયા, તા.ધરમપુર, જી.વલસાડ ખાતે મોકલી આપી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતો હોય આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ વિ.ધરમપુર જે.એમ.એફ.સી. કોર્ટમાં દાખલ કરેલ.

(૪) સદર કામે ચાર્જશીટ વિ.ધરમપુર જે.એમ.એફ.સી. કોર્ટમાં દાખલ થતા તે ચાર્જશીટ ફો.કે.નં.૭૪૩/૨૦૨૩ થી દાખલ કરવામાં આવેલ અને આરોપી હાજર થતા ચાર્જશીટ અન્વયેની નકલો બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ મુજબ મળેલ છે કે કેમ ? તેની ખાત્રી કરતા નકલો મળેલાનું આરોપીએ જણાવેલ અને સદરહું કેસ સ્પેશ્યલ અદાલતને ચલાવવાની સત્તા પહોંચતી હોય વિ.ધરમપુર જે.એમ.એફ.સી. કોર્ટનાએ તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ આ કામ અત્રેની અદાલત સમક્ષ બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૨ ની જોગવાઈઓને અનુસરીને કમીટ કરવામાં આવેલ.

(૫) સદર કેસ અત્રેની કોર્ટમાં કમીટ થઇને આવ્યા બાદ અત્રેની કોર્ટમાં સદર કેસ નં.૩૬/૨૦૨૫ રજીસ્ટર કરવામાં આવે છે. ત્યારબાદ આરોપીઓને હાજર થવા સમન્સ કરતા આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલા અને સરકાર પક્ષે વિ.એપીપીશ્રીએ હાજર થઇ આંક-૦૫ ના લીસ્ટથી કુલ ૦૩ કાગળો દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરેલા. ત્યારબાદ અત્રેની અદાલતે બંને પક્ષને વિ.વકીલશ્રીઓની ચાર્જ બાબતેની દલીલો સાંભળી આરોપી વિરુધ્ધ ચાર્જ ફરમાવી શકાય તેટલો પુરાવો જણાઇ આવતા તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ આંક-૦૭ થી તહોમતનામુ ફરમાવી

આરોપીઓને વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાની હકીકતનો ઈન્કાર કરતા આંક–૦૮ થી ૧૧ સુધીના આરોપીઓના નિવેદન નોંધી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૬) સદર કેસના ન્યાયિક નિરાકરણ અર્થે હાલના કેસના નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

**મુદ્દા નં. ૧ :–** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ એકબીજાની મદદગારી આરોપી નં.૧ ના કબ્જાના છોટા હાથી ટેમ્પો નં.GJ–15–AT–9337 જેની કિંમત રૂ.૩,૦૦,૦૦૦/– નીમાં વાછરડો નંગ–૦૧ તથા વાછરડી નંગ–૦૩ જેની કુલ કિં.રૂ.૭,૦૦૦/– ના મુદ્દામાલ કોઈ પણ અધિકુત અધિકારીના પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ઘાસચારો કે પાણીની સગવડ કર્યા વગર ટુંકા દોરડાથી બાંધી ટેમ્પોમાં ભરી ગેરકાયદેસર રીતે વાહતુક કરી ગુજરાતમાંથી મહરાષ્ટ્ર ખાતે વાહતુક કરી લઈ જતા પકડાઈ જઈ પશુક્રુરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ ની કલમ–૧૧ (ઘ),(ચ) તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૨૦૧૧ ની કલમ– ૬(એ), ૮(૧)(૪),૧૦ તથા પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૬ (એ) તથા ગુજરાત મોટર વ્હીકીલ એક્ટ,૧૯૮૯ રૂલ્સ–૧૨૩, ૧૯૨ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૧૯ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ–જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.

**મુદ્દા નં. ૨ :–** શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧ :– નકારમાં.**

**મુદ્દા નં. ૨ :– આખરી હુકમ મુજબ.**

(૮) ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

## :: મૌખિક પુરાવાઓ ::

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| P.W.-1 | ૧૨ | આનંદભાઇ અર્જુનભાઇ ગામીત | ફરીયાદી |
| P.W.-2 | ૧૩ | અજયભાઇ રાજેશભાઇ ગરાસીયા | પંચ સાહેદ |
| P.W.-3 | ૧૫ | આશિષભાઇ અર્જુનભાઇ ગામીત | સાહેદ |
| P.W.-4 | ૧૬ | ચિન્તુભાઇ સુરજીભાઇ થોરાટ | દા.ક. અમલદાર |
| P.W.-5 | ૧૯ | આત્મારામ કરમસિંહ દેસાઇ | ત.ક. અમલદાર |

## :: દસ્તાવેજી પુરાવાઓ ::

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| 1 (P.D.-1) | ૧૪ | મુદ્દામાલ પંચનામુ |
| 2 (P.D.-2) | ૧૭ | તપાસ સંભાળી લેવા બાબતે કરેલ પત્ર |
| 3 (P.D.-3) | ૧૮ | સ્ટેશન ડાયરી |

(૯) ઉપર મુજબના લેખિત અને મૌખિક પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદપક્ષે આંક–૨૧ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબના આરોપીઓના વધારાના નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ પોતાની સામેના આક્ષેપિત

ગુનાનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોય ખોટી રીતે ગુનામાં સંડોવી દિધેલ હોવાની હકીકત જણાવેલ છે.

## (૧૦) <u>ફરીયાદપક્ષનો પુરાવો</u> :-

(૧૦.૧) ઉપરોક્ત કામે ફરીયાદપક્ષે આરોપી સામે આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે **સાહેદ નં. ૧ (P.W.-1)** થી **ફરીયાદી- આનંદાભાઈ અર્જુનભાઈ ગામીત**ને **આંક-૧૨** થી તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હાલ હું એ.એસ.આઈ. તરીકે ના.પો. અધીક્ષકની કચેરી ધરમપુરમાં ફરજ બજાવુ છુ. બનાવ વખતે હું ધરમપુર પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન તારીખ ૨૭/૦૬/૨૦૨૧ ના રોજ અમો તથા પો.સ.ઈ. શ્રી એ.કે.દેસાઈ તથા પી.સી. આશીષ અર્જુન તથા ડ્રાયવર અમ્રતભાઈ છગનભાઈનાઓ સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.સ.ઈ.શ્રીનાઓને બાતમી મળેલ કે નવસારી મોળા આંબા તરફથી એક છોટા હાથી ટેમ્પોમાં પશુઓ ભરીને બોપી થઈ મહારષ્ટ્ર તરફ જનાર છે .જેથી ટાઉનમાંથી બે પંચોના માણસ બોલાવી પંચોને માહીતીથી વાકેફ કરેલ અને મોજે બોપી ગામે વાહન ચેકીંગમાં હતા, ત્યારે નવસારી મોળા આંબા તરફથી એક છોટા હાથી ટેમ્પો આવતા તેને રોકી તેમાં પંચો રૂબરૂ તપાસ કરતા ત્રણ વાછરડી તથા એક વાછરડો ક્રુરતાપુર્વક બાંધીને ભરેલ હોય, જેથી પ્રથમ ડ્રાયવરને નીચે ઉતારી તેનુ નામઠામ પુછતા તેણે ભાવીન હોવાનુ જણાવેલ અને તેની સાથેના ત્રણા ઈસમો જેમાં જિતેશ તથા બીજો ઝીલે તથા ત્રીજો કનુ કરીને હોય સદર ડ્રાયવરની અંગઝડતી કરતા તેના પાસેથી એક મોબાઈલ ફોન મળી આવેલ તથા અન્ય ત્રણ ઈસમો પાસેથી અન્ય કોઈ ચીજ વસ્તુ મળી આવેલ નહી. સદર પકડાયેલ ઈસમો પાસે સક્ષમ અધિકારીની પાસ પરમીટ છે કે નહી તે પુછતા તે નહી હોવાનુ જણાવેલ, જેથી સદર પકડાયેલ ત્રણ વાછરડી તથા એક વાછરડો તથા છોટા હાથી ટેમ્પો મળી

કુલ્લે કિમત રૂપીયા ૩,૦૬,૦૦૦/– તથા મોબાઇલ ના ૫૦૦૦/– ગણી ગુન્હાના કામે કબ્જે લેવામાં આવેલ અને જે તે વખતે કોવીડ મહામારી હોય જેથી તેઓને તાત્કાલીક અટક કરવામાં અવેલ નહી અને સદર બાબતે અમોએ સરકાર તર્ફે ફરીયાદ આપેલ છે. મને નિશાની ૫/૨ ની અસલ ફરીયાદની એફ.આઈ.આર. નકલ બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે આ એફ.આઈ.આર.માં મારી કોઇ સહી નથી.

**ત્યારબાદ આ સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે,** બનાવ સમયથી ચાર વર્ષ પહેલાથી ધરમપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો અને ધરમપુરની ભૌગોલીક પરીસ્થીતીથી વાકેફ છુ. અમો પેટ્રોલીંગમાં સવારના આઠ વાગ્યે પછી નીકળેલા. સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નહી. મારી ફરીયદમાં સરકારી વાહનનો નંબર જણાવેલ નથી. પંચોના નામ ફરીયાદમાં જણાવેલા નથી. બાતમી મને મળેલી નથી. આરોપીના કોઇ ઓળખ અંગેના પુરાવા બનાવના સ્થળે મે ચેક કરેલા નહી. બનાવવાળો રોડ ધરમપુરને જોડતો મુખ્ય માર્ગ છે અને અવરજવર વાળો રસ્તો છે. ત્યાં નજીકમાં આજુબાજુ રહેવાના ઘરો આવેલા છે. બનાવના સ્થળે સ્થાનિક પંચો મળી શકે તેમ હતા. ગૌવંશની કદ કાઠીનુ વર્ણન મારી ફરીયાદમાં જણાવેલ નથી. આ વાહન કોની માલીકીનુ છે તેની મે ફરીયાદ આપતા પહેલા તપાસ કરેલી નહી.

(૧૦.૨) ત્યારબાદ **સાહેદ નં–૦૨ (P.W.- 2) થી પંચ સાહેદ–અજયભાઇ રાજેશભાઇ ગરાસીયા**ને **આંક–૧૩** થી તપાસેલા છે અને તેઓ પંચનામાની હકીકતને કોઇ સમર્થન કરતા નથી. જેથી તેઓને સરકારપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેમ છતાં વિગતવારની ઉલટતપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી. તેઓની જુબાની દરમ્યાન આંક–૧૪ (P.D.–1) થી પંચનામુ રજુ થયેલ છે.

(૧૦.૩) ત્યારબાદ **સાહેદ નં–૦૩ (P.W.– 3)** થી **સાહેદ–આશીષભાઇ**

**અર્જુનભાઇ ગામીત**ને **આંક–૧૫** થી તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હાલ હું અ.હે.કો. તરીકે કપરાડામાં ફરજ બજાવુ છુ. બનાવ વખતે હું ધરમપુર પોલીસ સ્ટેશનમાં અ.પો.કો. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન તારીખ ૨૭/૦૬/૨૦૨૧ ના રોજ અમો તથા પો.સ.ઈ. શ્રી એ.કે.દેસાઇ તથા એ.એસ.આઇ. આનંદા અર્જુન તથા ડ્રાયવર અમ્રતભાઇ છગનભાઇનાઓ સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.સ.ઈ.શ્રીનાઓને બાતમી મળેલ કે નવસારી મોળા આંબા તરફથી એક છોટા હાથી ટેમ્પોમાં પશુઓ ભરીને બોપી થઇ મહારષ્ટ્ર તરફ જનાર છે. જેથી ટાઉનમાંથી બે પંચોના માણાસ બોલાવી પંચોને માહીતીથી વાકેફ કરેલ અને મોજે બોપી ગામે વાહન ચેકીંગમાં હતા, ત્યારે નવસારી મોળા આંબા તરફથી એક છોટા હાથી ટેમ્પો આવતા તેને રોકી તેમા પંચો રૂબરૂ તપાસ કરતા ત્રણ વાછરડી તથા એક વાછરડો કુરતાપુર્વક બાંધીને ભરેલ હોય, જેથી પ્રથમ ડ્રાયવરને નીચે ઉતારી તેનુ નામઠામ પુછતા તેણે ભાવીન હોવાનુ જણાવેલ અને તેની સાથેના ત્રણ ઇસમો જેમાં જિતેશ તથા બીજો ઝીલે તથા ત્રીજો કનુ કરીને હોય, સદર ડ્રાયવરની અંગઝડતી કરતા તેના પાસેથી એક મોબાઇલ ફોન મળી આવેલ તથા અન્ય ત્રણ ઇસમો પાસેથી અન્ય કોઇ ચીજ વસ્તુ મળી આવેલ નહી. સદર પકડાયેલ ઇસમો પાસે સક્ષમ અધિકારીની પાસ પરમીટ છે કે નહી તે પુછતા તે નહી હોવાનુ જણાવેલ, જેથી સદર પકડાયેલ ત્રણ વાછરડી તથા એક વાછરડો તથા છોટા હાથી ટેમ્પો મળી કુલ્લે કિમત રૂપીયા ૩,૦૬,૦૦૦/– તથા મોબાઇલના ૫૦૦૦/– ગણી ગુન્હાના કામે કબ્જે લેવામાં આવેલ અને જે તે વખતે કોવીડ મહામારી હોય, જેથી તેઓને તાત્કાલીક અટક કરવામાં આવેલ નહી અને સદર બાબતે એ.એસ.આઇ. આનંદાનઓએ સરકાર તર્ફે ફરીયાદ આપેલ છે.

**ત્યારબાદ આ સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે**

**કે,** બનાવ સમયથી ચાર વર્ષ પહેલાથી ધરમપુર પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતઓ હતો અને ધરમપુરની ભૌગોલીક પરીસ્થીતીથી વાકેફ છુ. અમો પેટ્રોલીંગમાં કેટલા વાગે નિકળેલા તે હાલે યાદ નથી. સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નહી. મારા નિવેદનમાં સરકારી વાહનનો નંબર જણાવેલ નથી. પંચોના નામ મારા નિવેદનમાં જણાવેલા નથી. બાતમી મને મળેલી નથી. આરોપીના કોઈ ઓળખ અંગેના પુરાવા બનાવના સ્થળે મે ચેક કરેલા નહી. બનાવવાળો રોડ ધરમપુરને જોડતો મુખ્ય માર્ગ છે અને અવરજવરવાળો રસ્તો છે. ત્યાં નજીકમાં આજુબાજુ રહેવાના ઘરો આવેલા છે. બનાવના સ્થળે સ્થાનીક પંચો મળી શકે તેમ હતા. ગૌવંશની કદકાઠીનુ વર્ણન મારા નિવેદનમાં જણાવેલ નથી. આ વાહન કોની માલીકીનુ છે તેની મે તપાસ કરેલી નહી.

(૧૦.૪) ત્યારબાદ **સાહેદ નં–૦૪ (P.W.– 4) દા.ક.અમલદાર–ચિન્તુભાઈ સુરજીભાઈ થોરાટ**ને **આંક–૧૬** થી તપાસેલા છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હાલ હું નિવ્રુત છુ અને તા:૨૭/૦૬/૨૦૨૧ ના રોજ હું ધરમપુર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.ના ચાર્જમાં હતો તે વખતે કલાક ૧૧/૩૦ વાગ્યે ફરીયાદી એ.એસ.આઈ. આનંદાભાઈ અર્જુનભાઈ ગામિતનાઓએ પો.સ.ઈ. એ.કે.દેસાઈ રૂબરૂ તેઓની ફરીયાદ હકીકત જાહેર કરતા તે ફરીયાદના આધારે ધરમપુર પો.સ્ટે.ના ફસ્ટ ગુન્હા રજી. નં.–૧૧૨૦૦૦૧૮૨૧૦૭૨૦/૨૦૨૧ થી પશુકુરતા અધિનિયમની કલમ ૧૧(ઘ)(ચ) તથા પશુ સંરક્ષણ અધિનીયમ ૨૦૧૧ ની કલમ–૬(એ), ૮(૧)(૪), ૧૦ તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનીયમ ૨૦૧૭ – ૬(એ) તથા ગુજરાત પોલીસ અધિનીયમની કલમ–૧૧૯ તથા ગુજરાત મો.વિ.એક્ટ ૧૯૮૯ ના રુલ–૧૨૩ તથા ૧૯૨ મુજબનો ગુન્હો દાખલ કરી તે અંગે ધરમપુર પોલીસ સ્ટેશન ખાતે નિભાવવામાં આવતી કોમ્પયુટર સ્ટેશન ડાયરીમાં નોંધ કરી સી.આર.પી.સી.ની કલમ–૧૫૭

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ–જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.

મુજબનો રીપોર્ટ કરી આગળની તપાસ પો.સ.ઈ. એ.કે.દેસાઇનાઓને સુપ્રત કરેલી.

મને આંક–૧૭ (P.D.–2) વાળો ગુન્હાની તપાસ ડેપ્યુટ કરતો પત્ર બતાવવામાં આવે છે. જે જોઇને કહુ છુ કે તે અમારા દ્વારા કરવામાં આવેલ તે જ છે, જેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ. હું આજરોજ મારી સાથે આંક–૧૮ (P.D.–3) ધરમપુર પો.સ્ટે.માં નિભાવવામાં આવતી કોમ્પયુટરાઇઝડ સ્ટેશન ડાયરીની મારી સહીવાળી નકલ મારી સાથે લાવેલ છુ, જેના અનુક્રમ નં.–૧૩ ઉપર હાલનો ગુન્હો નોંધાયેલ છે જે હુ રજુ કરૂ છુ.

**ત્યારબાદ આ સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે,** ગુન્હો દાખલ કર્યા સિવાય મે બીજી કોઇ કાર્યવાહી કરેલી નથી.

(૧૦.૫) ત્યારબાદ **સાહેદ નં–૦૫ (P.W.– 5) થી ત.ક.અમલદાર–આત્મારામ કરમસિંહ દેસાઇ**ને **આંક–૧૯** થી તપાસેલા છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા:૨૭/૦૬/૨૦૨૧ ના રોજ અમો ધરમપુર પો.સ્ટે. ખાતે પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન અમો તથા અ.પો.કો. આશીષભાઇ અર્જુનભાઇ તથા ડ્રાયવર હે.કો. અમ્રુતભાઇ છગનભાઇ સાથે સરકારી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અમોને બાતમી મળેલ કે એક છોટા હાથી ટેમ્પોમાં વાછરડા વાછરડી ભરીને નીકળેલ છે અને વાંસદા તાલુકાના ખાનપુર થઇ મોળાઆંબા થઇ બોપી વડપાડા થઇ મહારાષ્ટ્ર જનાર છે. વીગેરે બાતમી મળતા રસ્તામાંથી બે પંચોના માણાસો બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરી બોપી ગામમાં આવતા વાંસદા તાલુકાના મોળાઆંબા ગામ તરફથી બોપી ગામ આવતા રોડ ઉપર ઉભા હતા. દરમયાન મોળા આંબા તરફથી એક છોટા હાથી ટેમ્પો આવતા તેને રોકી તેમાં કેટલાક પશુઓ ભરેલ હોય તથા ડ્રાયવર સાથે ત્રણ ઈસમો બેસેલ હોય પ્રથમ પંચો રૂબરૂ ઈસમનુ નામ પુછતા તેણે

પોતાનુ નામ ભુમીનભાઈ દિનેશભાઈ પટેલ, રહે. સોનવાડા, વલસાડનુ હોવાનુ જણાવેલ તેની પાસેથી એક મોબાઈલ મળી આવેલ તેમજ બીજા ઈસમનુ નામ ઠામ પુછતા જયેશ રમેશભાઈ પટેલ, રહે. ડુંગરી, વલસાડનુ હોવાનુ જણાવેલ, પાછળ બેસેલા બે ઈસમનુ નામઠામ પુછતા પ્રથમ ઈસમે પોતાનુ નામ જીવેભાઈ મોતીરામ વાઘમારે રહે.નાશીક, સુરગાણા, મહારાષ્ટ્રના હોવાનુ જણાવેલ. બીજા ઈસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ કનુભાઈ રામદાસભાઈ ચૌધરી, રહે.નાશીક, સુરગાણા, મહારાષ્ટ્રના હોવાનુ જણાવેલ. સદર છોટા હાથીમાં પંચો રૂબરૂ ચેક કરતા એક કાળા કલરનુ વાછરડો તથા ત્રણ વાછરડી ખીચોખીચ અને ક્રુરતાપુર્વક ભરેલ હોય તે પશુઓ છોટા હાથીમાં ભરી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે સક્ષમ અધિકારીનિ પરમીટ માંગતા ડ્રાયવરે નહી હોવાનુ જણાવેલ, જેથી પશુઓની કિંમત રૂપીયા ૭૦૦૦/- અને છોટા હાથીની કિંમત રૂપીયા ૩,૦૦,૦૦૦/- અને મોબાઈલ મળી કુલ્લે કિમત રૂપીયા ૩,૧૨,૦૦૦/- ગણી છોટા હાથીના પાછળના ભાગે કોઈ ઘાસચારા કે પાણીની વ્યવસ્થા કરેલ ન હોય ક્રુરતાથી ખીચોખીચ ભરેલ હોય તે બાબતેનુ પંચનામુ કરી પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરી સાચવણી માટે શ્રીમદ રાજચંદ્ર બારોલીયા ખાતે મોકલી આપેલ. આરોપીઓને અટક કરી આરોપીઓના રિમાન્ડ મેળવી નામદાર કોર્ટમાં રજુ કરેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય તેમના વિરુધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. મને નિશાની ૫/૨ વાળી એફ.આઈ.આર. બતાવવામાં આવે છે. તેમા મારી કોઈ રૂબરૂ તરીકેની સહી નથી કે ફરીયાદીની પણ કોઈ સહી નથી.

**ત્યારબાદ આ સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે,** મે આ કામે હું જાતે રેડીંગ પાર્ટીનો સભ્ય હતો અને તપાસ પણ મે જ

કરેલી છે. પંચનામુ કોમ્પ્યુટર કે લેપટોપમાં ટાઈપ કરેલ છે. ફરીયાદની અંદર લેપટોપ કે પ્રિન્ટર સાથે લઈ ગયા હોય તેવો કોઈ ઉલ્લેખ ફરીયાદમાં નથી. બનાવવાળા સ્થળ પર જતા પહેલા કોઈ પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલ નથી. મે આ કામે કોઈ દોરડા કબ્જે કર્યા હોય એવુ બનેલ નથી. સ્થળ ઉપર કોઈ વીડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામા આવેલ નથી. બનાવવાળો રોડ જાહેર રોડ હતો અને ત્યાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ફરીયાદમાં કોઈ પંચોના નામ લખવામાં આવેલ નથી કે સરકારી વાહનનો કોઈ નંબર જણાવેલ નથી. મે આ કામે કોઈ આર.ટી.ઓ.ના અધિકારીનુ નિવેદન મેળવેલ નથી.

## દલીલો:

(૧૧) સરકાર પક્ષે **વિ.પી.પી. શ્રી બી. આર. પ્રજાપતિ**નાઓએ દલીલો કરી જણાવે છે કે, ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ લેખીત તેમજ દસ્તાવેજી પુરાવાઓનું અવલોકન કરતા આરોપીઓ મુદામાલ પશુઓ અને વાહન સાથે સ્થળ ઉપરથી પકડાયેલ છે પકડાયેલ પશુઓ ગૌવંશ છે અને તેથી આરોપીઓએ આ પશુઓની હેરાફેરી કરવા માટેની કોઈ પાસ પરમીટ મેળવેલ નથી કે તપાસના કામે કે ટ્રાયલના કામે રજુ કરવામાં આવેલ નથી અને તેથી હાલના આરોપીઓની સામે આ કાયદાની જોગવાઈ મુજબ કાયદાકીય અનુમાન દોરી શકાય તેમ છે અને તેઓ આ પશુઓ ગેરકાયદેસર કતલ કરવાના ઈરાદે વહન કરતા હોવાનું માની શકાય તેમ છે અને તે તમામ હકીકત ફરીયાદપક્ષે પોલીસ સાહેદોની જુબાનીથી પુરવાર કરેલી હોય આરોપીઓને સખત સજા કરવા માંગણી કરેલ છે.

(૧૨) આરોપી તર્ફે **વિ.વકીલ શ્રી જે. એ. સોલંકી**નાઓએ દલીલો કરી જણાવેલ છે કે, ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર

નિષ્ફળ ગયેલ છે. આરોપીના કબ્જામાંથી આવો કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. આ કામે કોઇ પંચ સાહેદો સમર્થન કરતા નથી. કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી. કોઈ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી રજુ થયેલ નથી. આ કામના આરોપી પકડાયેલ પીકઅપના ડ્રાઈવર હોવાની કોઈ હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. સ્થળ ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું ફલીત થતુ નથી અને તે તમામ સંજોગોને ધ્યાને લેતા આરોપીઓ સામે કોઈ ગુનો બનતો ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરેલ છે.

## (૧૩) <u>પુરાવાઓનું મુલ્યાંકન</u> :–

(૧૩.૧) પુરાવાઓનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટે ધ્યાનમાં રાખવાના માર્ગદર્શક સિધ્ધાંતોની ચર્ચા અવારનવાર નામદાર સર્વોચ્ચ અદાલતે તથા નામદાર વડી અદાલતે અનેક વિવિધ ચુકાદાઓમાં કરેલ છે. તે મુજબ અને ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકા રહિત પુરવાર કરવાનો છે અને ફરીયાદપક્ષ જ્યાં સુધી આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર ના કરે ત્યાં સુધી આરોપી ગુનેગાર નથી તેવુ કોર્ટે માની લેવાનું છે. એટલુ જ નહી પરંતુ ફરીયાદપક્ષના પુરાવામાં સહેજ પણ શંકા કે ત્રુટી જણાઇ તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે. એવિડન્સ એક્ટની કલમ–૧૦૧ થી ૧૧૦ ની જોગવાઇ મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો છે. આરોપીના નબળા બચાવનો ફરીયાદપક્ષ લાભ મેળવી શકવાને પાત્ર ઠરતા નથી કે આરોપી પોતાના વિરુધ્ધ પુરાવો આપવા જવાબદાર ઠરતા નથી. સમગ્ર ટ્રાયલ દરમ્યાન આરોપી મૌન રહેવા માટે પણ અધિકાર ધરાવે છે અને સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરતા એક કરતા વધુ વ્યુહ જણાઈ આવતા હોય તો હંમેશા આરોપીની તરફેણના વ્યુહને અપનાવાનો છે તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. તે સિધ્ધાંતને નજર સમક્ષ રાખી હાથ ઉપરના કેસના

પડેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૩.૨) આ કામે પડેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા આ કામે ફરીયાદ પક્ષના સાહેદ નં.૧ (P.W.–1) ફરીયાદી–આનંદભાઇ અર્જુનભાઇ ગામીતની આંક–૧૨ જુબાની જોતા તેઓ ઉલટ તપાસમાં જણાવે છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી. બાતમી મને મળેલી નથી. આરોપીના કોઇ ઓળખ અંગેના પુરાવા બનાવના સ્થળે ચેક કરેલા નહી. બનાવવાળો રોડ ધરમપુરને જોડતો મુખ્ય માર્ગ છે અને અવરજવરવાળો રસ્તો છે. ત્યાં નજીકમાં આજુબાજુ રહેવાના ઘરો આવેલા છે. બનાવના સ્થળે સ્થાનિક પંચો મળી શકે તેમ હતા. ગૌવંશની કદ કાઠીનુ વર્ણન મારી ફરીયાદમાં જણાવેલ નથી. વાહન કોની માલીકીનુ છે તેની ફરીયાદ આપતા પહેલા તપાસ કરેલી નહી. તે જ રીતે ફરીયાદપક્ષના પોલીસ સાહેદ નં.૩ (P.W.–3) સાહેદ–આશીષભાઇ અર્જુનભાઇ ગામીતને આંક–૧૫ થી તપાસેલા છે તેઓ પણ ઉપર મુજબની હકીકત જણાવે છે.

(૧૩.૩ ) જ્યારે ફરીયાદપક્ષના પંચ સાહેદ હોસ્ટાઇલ જાહેર થયા છે. તેઓ પંચનામાની હકીકતને કોઇ સમર્થન આપતા નથી. માત્ર પોલીસ સ્ટેશનમાં તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવે છે.

(૧૩.૪) જ્યારે સાહેદ નં.૫ (P.W.–5) થી ત.ક. અમલદાર–આત્મારામ કરમસિંહ દેસાઇની આંક–૧૯ ની જુબાની વંચાણે લેતા તેઓ ઉલટ તપાસમાં કબુલે છે કે, ફરીયાદમાં ફરીયાદીની સહી નથી કે મારી કોઇ રૂબરૂ તરીકેની સહી નથી. પંચનામુ કોમ્પયુટર કે લેપટોપમાં ટાઇપ કરેલ છે. ફરીયાદની અંદર લેપટોપ કે પ્રિન્ટર સાથે લઇ ગયા હોય તેવો કોઇ ઉલ્લેખ ફરીયાદમાં નથી. બનાવવાળા સ્થળ પર જતા પહેલા કોઇ પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. આ કામે કોઇ દોરડા કબ્જે કર્યા હોય એવુ બનેલ નથી. સ્થળ ઉપર કોઇ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામાં આવેલ નથી. બનાવવાળો રોડ જાહેર રોડ હતો અને ત્યાંથી સ્વતંત્ર સાહેદો

મળી શકે તેમ હોવા છતાં કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ફરીયાદમાં કોઇ પંચોના નામ લખવામાં આવેલ નથી. આ કામે કોઇ આર.ટી.ઓ.ના અધિકારીનુ નિવેદન મેળવેલ નથી.

(૧૩.૫) આમ, ઉપરોક્ત સમગ્ર ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષના તમામ સાહેદોના પુરાવાઓ બનાવની હકીકતથી વિરોધાભાસી કથનવાળો છે. સ્થળ ઉપર કોઇ પંચનામુ કરવામાં આવેલ હોય તેવુ પુરવાર થતુ નથી કારણ કે પંચનામુ ટાઇપ કરેલુ છે, સ્થળ ઉપર સાથે લેપટોપ કે પ્રિન્ટર લઇ ગયા હોય તેવી હકીકત કોઇપણ સાહેદ જણાવતા નથી. આમ, સ્થળ ઉપર આ પંચનામુ કરવામાં આવેલ હોય તેવુ પુરવાર થતુ નથી. આ કામે કોઇ પણ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી. પંચ સાહેદો બનાવની હકીકતને કોઇ સમર્થન કરતા નથી એટલે કે, તેઓની હાજરીમાં હાલના આરોપીઓના કબ્જામાંથી કેહવાતા મુદ્દામાલની ઝડતી જપ્તી કરવામાં આવેલ હોય તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે જે ફરીયાદ રજુ કરવામાં આવેલી છે, તેમાં ફરીયાદીની કે જેની રૂબરૂમાં ફરીયાદ નોંધવામાં આવેલી છે તે કોઇપણ વ્યક્તિની સહી નથી. આમ, ફરીયાદપક્ષ ફરીયાદ પણ આ કામે યોગ્ય રીતે રજુ કરી પુરવાર કરી શકેલા નથી. કોઇપણ સાહેદ એટલે કે ફરીયાદી તેમજ સાહેદ આશિષભાઇ પોતાની જુબાનીમાં પકડાયેલ છોટા હાથી ટેમ્પોનોઓ કોઇ નંબર પણ તેઓ જણાવતા નથી. તે જ રીતે ત.ક.અમલદાર પણ તેમની જુબાનીમાં ટેમ્પોનો કોઇ નંબર જણાવતા નથી. રેડ બાતમી આધારે કરવામાં આવેલ હોવા છતા કોઇ પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. સ્થળ ઉપર કોઇ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામાં આવેલ નથી. ડ્રાઇવર સિવાયના અન્ય આરોપીઓની આ ગુનાના કામે શું ભુમિકા હતી તેની કોઇ જ વિગત સમગ્ર પુરાવા દરમ્યાન રેકર્ડ ઉપર ખુલવા પામેલ નથી. હાલના આરોપીઓ આ

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ-જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.

મુદ્દામાલના માલિક કે કબ્જેદાર હોય તેવી કોઇ હકીકત પણ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ, હાલના આરોપીઓને આ મુદ્દામાલ સાથે કોઈ લેવા દેવા હોય તેવો કોઈ ચોક્કસ પુરાવો ફરીયાદપક્ષ રજુ કરી પુરવાર કરી શકેલ નથી. આ ગુનામાં ડ્રાઈવર સિવાયના અન્ય આરોપીને ક્યા આધારે સંડોવણી જણાય આવેલી તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા ફલિત થતી નથી. આ વાહન કે મુદ્દામાલવાળા પશુઓનો સભાનપણાનો કબ્જો હાલના આરોપીઓ ધરાવતો હોય તેવી કોઇ વિગત સમગ્ર પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ, જ્યારે ફરીયાદપક્ષ બનાવની પ્રાથમિક હકીકતો પુરવાર કરી શકેલ ન હોય તે સંજોગોમાં આરોપીઓ સામે પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૬ (એ) મુજબ કાયદાકીય અનુમાન દોરી શકાય તેમ ન હોય વિ.એ.પી.પી.શ્રીની દલીલો ગ્રાહય રાખતો નથી અને ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય **મુદ્દા નં.૦૧** નો જવાબ **નકારમાં** ઠરાવી **મુદ્દા નં.૦૨** પરત્વે પુરાવાના અભાવે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો નીચે મુજબનો **આખરી હુકમ** ફરવમાવુ છું.

## –:: <u>આખરી હુકમ</u> ::–

૧. આ કામના **આરોપી નં.૧–ભુમિનભાઇ દિનેશભાઇ પટેલ,** રહેવાસી: સોનવાડા, પટેલ ફળીયા, તા.,જિ.વલસાડ, **આરોપી નં.૨–જયેશભાઇ રમેશભાઇ પટેલ,** રહેવાસી: ડુંગરી, રેલીયા ફળીયા, તા.,જિ.વલસાડ, **આરોપી નં.૩–જીવેભાઇ મોતીરામભાઇ વાઘમારે,** રહેવાસી: માંદાગામ, તા.સુરગાણા, જિ.નાશીક, મહારાષ્ટ્ર, **આરોપી નં.૪–કનુભાઇ રામદાસભાઇ ચૌધરી,** રહેવાસી: માંદાગામ, તા.સુરગાણા, જિ.નાશીક, મહારાષ્ટ્રનાઓને **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧)** તથા **બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧)** અન્વયે તેઓની સામેના

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ–જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.

**પશુક્રુરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ ની કલમ–૧૧ (ઘ),(ચ) તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૨૦૧૧ ની કલમ– ૬(એ), ૮(૧)(૪),૧૦ તથા પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૬ (એ) તથા ગુજરાત મોટર વ્હીકીલ એક્ટ,૧૯૮૯ રૂલ્સ–૧૨૩, ૧૯૨ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૧૯** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ પશુઓનો કબ્જો શ્રીમદ રાજચંદ્ર ગૌશાળા, બારોલીયા, તા.ધરમપુર, જી.વલસાડનાઓએ આ કામના આરોપીઓને અપીલ સમય પત્યા બાદ વિના વિલંબે પરત સોંપી દેવા અને તે અંગેનો રીપોર્ટ જે.એમ.એફ.સી. કોર્ટ, ધરમપુરને કરવા આથી આદેશ કરવામાં આવે છે. તેમજ મુદ્દામાલ મોબાઈલ તથા છોટા હાથી ટેમ્પો નં.GJ–15–AT–9337 બાબતે જે.એમ.એફ.સી. કોર્ટ, ધરમપુરનાઓને આથી આદેશ કરવામાં આવે છે કે, તેઓએ મુદ્દામાલ મોબાઈલ તથા છોટા હાથી ટેમ્પો બાબતે જરૂરી ઈન્કવાયરી હાથ ધરી કાયદા મુજબ તેનો નિકાલ કરવો.

૩. આરોપીના જામીનખત તથા જાત મચુરકા રદ કરવા.

૪. આરોપીઓએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) મુજબ અપીલ પીરીયડના રૂ.૧૫,૦૦૦/– ના જામીન આપવા.

૫. હુકમની જાણ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને કરવી.

હુકમ આજ તા.૨૩ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૭/૨૦૨૬
સ્થળ : ધરમપુર

**(મોહંમદહનીફબેગ અકબરબેગ મિર્ઝા)**
ત્રીજા એડીશનલ સેશન્સ જજ, વલસાડ,
મુ.ધરમપુર, જિ.વલસાડ,
CODE NO. GJ00713.

(એમ. એ. મિર્ઝા)
જજ કોડ–જીજે૦૦૭૧૩)
વલસાડના અધિકસત્ર ન્યાયાધીશ.